### આણંદ જિલ્લા પંચાયતની પ્રથમ સભામાં વિપક્ષની ટીપ્પણીથી મામલો ગરમાયો

# આણંદ જિ.પંચાયતની સમિતિમાં રિસામણા મનામણાં, સભા અડધો કલાક મોડી શરૂ થઈ

**સમિતિઓની** રચનામાં સંગઠનનો હાથ ઉંચો રહ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨

આણંદ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં થોડા સમય માટે તોફાની બનતા બનતાં રહી ગઈ હતી. જોકે, આ બેઠકમાં મહત્વપૂર્ણ સમિતિઓની રચનાનો મુદ્દો હતો. પરંતુ તે પહેલા ધારાસભ્યોની હાજરીમાં સંગઠનની બેઠક મળી હતી. આ બેઠક મેરેથોન રહી હતી. આ સમિતિની પસંદગીમાં કેટલાક સભ્યો આડા ફાંટ્યા હોય તેવો અણસાર જોવા મળ્યો હતો. કારણ કે, રિસામણા મનામણા વચ્ચે અડધો કલાક મોડી સભા શરૂ થઈ હતી.

આણંદ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી બાદ પ્રમુખ - ઉપપ્રમુખની ચૂંટણી ગત માસે યોજાઈ હતી. બાદમાં ગુરૂવારના રોજ પ્રમુખ મયુરીબહેન પટેલની અધ્યક્ષતામાં ખાસ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ સભામાં વિવિધ સમિતિની રચનાનો મુદ્દો હતો. જેના પગલે સભા પહેલા સંગઠનની બેઠક યોજવામાં આવી હતી. જેમાં આણંદ જિલ્લાના ધારાસભ્યો હાજર રહ્યાં હતાં. અલબત્ત, આ સંગઠનની બેઠક મેરેથોન ચાલી હતી. જેના કારણે અડધો કલાક મોડી સામાન્ય સભા શરૂ થઈ હતી. આ સભા શરૂ થતાં જ વિવિધ સમિતિના રચના કરવામાં આવી હતી. જેને બહુમતીથી આવકારવામાં આવી હતી.

પરંતુ ખાસ સભાના મુદ્દા નં.5માં જિલ્લા પંચાયત પ્રમુખ મયુરીબહેન પટેલના રહેઠાણ (હેડ ક્વાર્ટર) નક્કી કરવાનો હતો. આ ઠરાવ વાંચતા સાથે વિપક્ષ સભ્ય પિયુષ રાજે ટીપ્પણી કરી હતી કે, પ્રમુખ થોડા દિવસો જ છે. આ ટીપ્પણીથી સભામાં ભારે હોહા થઈ હતી. એટલે કે સુધી કે ખુદ જિલ્લા વિકાસ અધિકારીએ દરમિયાનગીરી કરીને શિસ્તમાં રહેવા ટકોર કરવી પડી હતી. આ ઉપરાંત ડ્રાયવર, કોમ્પ્યુટર ઓપરેટર, પટાવાળાના બજેટમાં રૂ.7 લાખમાંથી વધારો કરી રૂ.10 લાખ કરવામાં આવ્યો છે. આ સભામાં આણંદ જિલ્લાના ભાજપના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, રમણભાઈ સોલંકી, હર્ષદ પરમાર ખાસ હાજર રહ્યાં હતાં.

#### 8 સમિતિમાંથી 5માં મહિલા ચેરમેન બન્યાં

**અપીલ સમિતિ :** મયુરીબહેન નિકીતભાઈ પટેલ
**કારોબારી સમિતિ :** કેતનકુમાર પરસોત્તમભાઈ પટેલ
**જાહેર બાંધકામ સમિતિ :** મહેન્દ્રભાઈ જશભાઈ વાઘેલા
**સિંચાઇ, ઉત્પાદન અને સહકાર સમિતિ :** મનિષકુમાર નટુભાઈ પટેલ
**જિલ્લા શિક્ષણ સમિતિ :** સંગીતાબહેન મહેશકુમાર વાઘેલા
**જાહેર આરોગ્ય સમિતિ :** દક્ષાબહેન કિરણભાઈ સોલંકી
**મહિલા અને યુવા બાળ વિકાસ સમિતિ :** વીણાબહેન દિનેશભાઈ પઢિયાર
**સામાજિક ન્યાય સમિતિ :** રમીલાબહેન જયેશભાઈ પરમાર

### ગુજરાતના સ્થાપક પૂજ્ય રવિશંકર મહારાજની પુણ્યતિથિએ પુષ્પાંજલિ




ગુજરાત રાજ્યના સ્થાપક અને લોકહિતના કાર્યો માટે 'મૂક સેવક' તરીકે જાણીતા પૂજ્ય રવિશંકર મહારાજની પુણ્યતિથિ નિમિત્તે આણંદ જિલ્લાના બોચાસણ ખાતે વિવિધ કાર્યક્રમો સાથે તેમને યાદ કરવામાં આવ્યા હતા. બોચાસણ સ્થિત વલ્લભ વિદ્યાલય ખાતે પહેલી જુલાઈ બુધવારે સવારે ઉપસ્થિત મહાનુભાવો, ટ્રસ્ટી મંડળ, સંયોજક, શાળાના આચાર્ય તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સૌપ્રથમ સફાઈ માટે શ્રમદાન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અને સ્વાવલંબનના વિચારોને સાર્થક કર્યા બાદ સૌએ તેમની સમાધિ સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, પૂજ્ય રવિશંકર મહારાજે તેમના જીવનના અંતિમ કાર્યકાળ દરમિયાન બોચાસણ ખાતેના નિવાસ સ્થાન બનાવ્યું હતું અને ત્યાંથી જ પ્રવૃત્તિઓ ચલાવી હતી. આથી જ, બોચાસણ ખાતે મહારાજની પવિત્ર સ્મૃતિમાં સમાધિનું નિર્માણ કરવામાં આવ્યું છે, જે આજે પણ લાખો લોકો માટે પ્રેરણા સ્રોત બની રહી છે.ગુજરાતની સ્થાપના કરનાર અને આજીવન કોઈ પણ પ્રસિદ્ધિ વિના મૂક સેવક બનીને સેવા કરનાર મહારાજને પુણ્યતિથિએ સમગ્ર પંથકે કૃતજ્ઞતાપૂર્વક નમન કર્યા હતા.

# મહુધા: આચાર્યની વાલીને મારી નાખવાની ધમકી

**વાલીએ** અનિયમિતતા અંગે ટકોર કરતાં અપશબ્દના મેસેજ મોકલ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨

મહુધાના ઉંદરા ગામની ગોપી તળાવની મુવાડી પ્રાથમિક શાળાના આચાર્ય યશવંતસિંહ એમ. પરમાર વિરુદ્ધ મહુધા પોલીસ મથકમાં ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. શાળામાં મોડા આવવા અને બાળકોને વહેલા છોડી દેવા બાબતે રજૂઆત કરનાર વાલીને આચાર્યે જાહેરમાં તેમજ વોટ્સએપ પર અત્યંત બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મહુધાના ગોપી તળાવની મુવાડીમાં ખેતી કરી ગુજરાન ચલાવતા સંજયભાઈ બારૈયાનો પુત્ર આ જ શાળામાં ધોરણ 2 માં અભ્યાસ કરે છે. છેલ્લા 15 વર્ષથી અહીં ફરજ બજાવતા આચાર્ય યશવંતસિંહ પરમાર શાળામાં અનિયમિત હોવાથી વાલીએ અગાઉ ત્રણ વાર તેમને સમયસર આવવા વિનંતી કરી હતી. ગત 27 જૂનના રોજ આચાર્યએ નિર્ધારિત સમય કરતા વહેલા બાળકોને છોડી દેતા વાલીએ રસ્તામાં રોકી કારણ પૂછ્યું હતું.

આ સામાન્ય પૂછપરછથી ઉશ્કેરાઈ ગયેલા આચાર્યએ પહેલા જાહેર રસ્તા પર ગાળો આપી અને ત્યારબાદ 28 જૂને વાલીના મોબાઈલ પર વોટ્સએપ મારફતે અત્યંત અશોભનીય ભાષામાં મેસેજ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. વાલીએ આ મેસેજના સ્ક્રીનશોટ પાડી પુરાવા સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### વાત્રક નદીમાં ખનીજ માફિયાઓ સામે 'યુવા શક્તિ'નો જંગ | ભરબપોરે નદીમાં ચાલીને ગેરકાયદે ખનન અટકાવ્યું

# ખેડાની પરસતાજ બેઠકના તાલુકા સભ્ય અને દેદરડાના યુવાનોએ જેસીબી-ડમ્પરો ભગાડ્યા

**ગેરકાયદે માટી** ખનનમાં નંબર પ્લેટ વિનાના વાહનોથી બેફામ લૂંટ



#### મુખ્ય હકીકતો

- રેતી વહન કરતા તમામ ડમ્પરો પર નંબર પ્લેટ ન હોવા છતાં તેઓ રોડ પર બેફામ દોડી રહ્યા છે.
- સ્થાનિકોના મતે માટી અને રેતી ઉલેચવાનું મોટું કૌભાંડ તંત્રની મીલીભગત કે નિષ્ફળતા સૂચવે છે.
- સરકારી તંત્રની રાહ જોયા વગર ગામના યુવાનોએ સ્વયંભૂ નદીને બચાવવા પહેલ કરી.

(પ્રતિનિધિ) ખેડા તા.૨

ખેડામાં ભુમાફિયાઓ દ્વારા કુદરતી સંપત્તિની બેફામ લૂંટ ચલાવવાનું વ્યવસ્થિત કૌભાંડ ફૂલ્યુંફાલ્યું છે. તંત્રની કથિત નિષ્ફળતા કે ઉદાસીનતા સામે હવે સ્થાનિક જનતાએ જ મેદાને આવવાની ફરજ પડી છે.

દેદરડાથી વાસણા ખુર્દ જતા રસ્તામાં આવતી વાત્રક નદીમાંથી છેલ્લા કેટલાક સમયથી રેતી ચોરીની પ્રવૃત્તિ ચાલી રહી હતી. આ અંગેની જાણ થતા જ પરસતાજ સીટના તાલુકા સભ્ય આર.કે. ગોહિલ અને દેદરડા ગામના જાગૃત યુવાનોએ એકઠા થઈને નદીમાં તપાસ કરવાનું નક્કી કર્યું હતું. ધોમધખતા તાપમાં યુવાનો નદીના પટમાં આશરે ૧ કિલોમીટર જેટલું ચાલીને તે સ્થળે પહોંચ્યા જ્યાં જેસીબી મશીન દ્વારા ડમ્પરોમાં રેતી ભરવામાં આવી રહી હતી.

ગામના યુવાનો અને તાલુકા સભ્યને પોતાની તરફ આવતા જોઈ ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. યુવાનોએ જ્યારે આ ખનન ગેરકાયદેસર હોવાનું જણાવી ખાણ-ખનીજ વિભાગને જાણ કરવાની ચીમકી આપી, ત્યારે માફિયાઓ તાત્કાલિક જેસીબી અને ડમ્પરો લઈને નદીમાંથી નાસી છૂટ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આટલી મોટી માત્રામાં રેતી ઉલેચવા છતાં સ્થાનિક તંત્રને તેની જાણ કેમ ન થઈ તે એક મોટો પ્રશ્ન છે. આ અંગે યુવાનોએ આક્ષેપ કર્યો છે કે, રાજકીય મોટા માથાના ઈશારે જ આ ખનન ચાલી રહ્યું હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

# વિદ્યાનગરમાં બીબીઆઈટી કોલેજ પાસેનો માર્ગ બંધ

**કાટમાળ** હટાવવાની કામગીરીને પગલે ટ્રાફિક ડાયવર્ઝન કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨

વલ્લભ વિદ્યાનગર સ્થિત બીબીઆઈટી પોલિટેકનિક કોલેજમાં બનેલી દુર્ઘટના બાદ, સુરક્ષાના પગલાં રૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ લલિતકુમાર એ. પટેલે કોલેજ પાસેના મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

વલ્લભ વિદ્યાનગરની બીબીઆઈટી કોલેજમાં ગત ૧૪મી મેના રોજ ફોલ્સ સીલીંગની કામગીરી દરમિયાન બિલ્ડીંગનો એક ભાગ ધરાશાયી થયો હતો. હાલ ઘટનાસ્થળેથી કાટમાળ ખસેડવાની કામગીરી ચાલી રહી હોય, કોઈ જાનહાનિ કે અકસ્માત ન સર્જાય તે માટે ૧૯મી જુલાઈ ૨૦૨૬ સુધી વી.વી.સી.સી. બેંક સામેથી BBIT કોલેજ ગેટ સુધીનો રસ્તો તમામ પ્રકારના વાહનો માટે સંપૂર્ણપણે બંધ રાખવા હુકમ કરવામાં આવ્યો છે.

આ જાહેરનામા મુજબ, મોટા બજાર ચોકડીથી લક્ષ્મીપાન થઈ ટર્મિનલ ચોકડી તરફ અવરજવર કરી શકાશે. જ્યારે મોટા બજાર ચોકડીથી લક્ષ્મીપાન થઈ કાકા પાન તરફ આવી તેમજ જઈ શકાશે. આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના અલવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સમર્પણ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ચોપડા વિતરણ કરાયાં

**કપડવંજ |** કપડવંજની અલવા પે સેન્ટર શાળામાં ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન આપવા સમર્પણ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ચોપડા વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ગણપતસિંહ રાઠોડ, નિલેશ પટેલ અને શૈલેષ સોનીએ હાજર રહી વિદ્યાર્થીઓને મહેનત કરી ઉજ્જવળ ભવિષ્ય બનાવવા પ્રેરણા આપી હતી. શાળાના આચાર્ય અને શિક્ષકગણના સહયોગથી આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ બાળકોને ગુણવત્તાસભર શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવાનો હતો. વાલીઓ અને વિદ્યાર્થીઓએ ટ્રસ્ટની આ સરાહનીય પહેલને બિરદાવી ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યો થતા રહે તેવી આશા વ્યક્ત કરી હતી.




### આતરસુંબા પોલીસ સ્ટેશનના આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટરનો સેવા નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

**કપડવંજ |** આતરસુંબા પોલીસ મથકમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા પ્રવિણસિંહ ડી. પરમાર વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક વી.એન. સોલંકી, પોલીસ સબ ઇન્સ્પેક્ટર એમ.એમ. દેસાઈ અને જિલ્લા ટ્રાફિક PSI કિંજલબેન ચૌધરી સહિતના પોલીસ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આતરસુંબાના ઉપસરપંચ મેહુલભાઈ પરીખ, નીકેશભાઈ પટેલ અને અન્ય ગ્રામીણ અગ્રણીઓએ હાજર રહી નિવૃત્ત અધિકારીને શુભેચ્છાઓ પાઠવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા 'બેંક ડે'ની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કરાયું



**કપડવંજ |** સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કપડવંજ શાખા દ્વારા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ શૈક્ષણિક સંકુલોમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે બેંક સંકુલમાં વરિષ્ઠ પત્રકાર કીર્તન પરીખ, નિવૃત્ત મામલતદાર ગોવિંદભાઈ ગોહિલ અને અન્ય અગ્રણી ગ્રાહકોનું શાલ ઓઢાડી તથા સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું હતું. ૧૯૫૮થી કાર્યરત આ શાખાના 'બેંક ડે' નિમિત્તે વરિષ્ઠ નાગરિકો અને નિવૃત્ત અધિકારીઓની સેવાઓને બિરદાવી તેમનું ભાવભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્ય શાખાના ચીફ મેનેજર શિવકુમાર ઝા અને પ્રબંધક ભાર્ગવ વર્મા સહિતના અધિકારીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

### આતરસુંબાની જેસી દાણી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન સહાયનું વિતરણ કરાયું

**કપડવંજ |** કપડવંજ તાલુકાના આતરસુંબા સ્થિત જેસી દાણી વિદ્યાલયમાં સદભાવના ટ્રસ્ટ દ્વારા ધોરણ ૬ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ તરફથી તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, વોટર બેગ અને યુનિફોર્મ અર્પણ કરવામાં આવ્યા હતા. આ શાળાના આચાર્ય કમલેશભાઈ મોદીના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં બંને દાતાઓનો શાળા પરિવાર વતી આભાર વ્યક્ત કરાયો હતો. ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને મળેલ આ શૈક્ષણિક પ્રોત્સાહન બદલ વાલીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.



### કપડવંજમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ. ૨.૧૫ કરોડના રસ્તાઓના કામનું ખાતમુહૂર્ત કરાયું

**કપડવંજ |** કપડવંજ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના હસ્તે તૈયબપૂરા-વડાલી બાયપાસ અને કેવડીયા-પુનાદરા ગામ સુધીના નવા રસ્તાઓના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજના હેઠળ ૭ વર્ષથી વધુ જૂના રસ્તાઓને ૫.૫૦ મીટર સુધી પહોળા કરી મજબૂત બનાવવાની સાથે કાચા રસ્તાઓને પાકા કરવાની કામગીરી હાથ ધરાશે. રૂ. ૨.૧૫ કરોડના કુલ ખર્ચે તૈયાર થનારા આ રસ્તાઓથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સુલભ અને સુરક્ષિત બનશે. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના હોદ્દેદારો સહિત માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



### નાવલી એનસીસી એકેડમી ખાતે ૧૭૦ સ્વયંસેવકો માટે ફાયર સેફ્ટી તાલીમ શિબિર યોજાઈ

**આણંદ |** કરમસદ - આણંદ ફાયર બ્રિગેડ દ્વારા નાવલી ખાતે એનએસએસ, એમવાયબી અને એનસીસીના ૧૭૦ જેટલા સ્વયંસેવકોને આપદામિત્ર તાલીમ અંતર્ગત ફાયર અવેરનેસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોર અને તેમની ટીમ દ્વારા આગ બુઝાવવાની પદ્ધતિઓ, અગ્નિશામક યંત્રનો ઉપયોગ અને રેસ્ક્યુ કરવાની ટેકનિક વિશે પ્રેક્ટિકલ નિદર્શન કરાયું હતું. આ તાલીમમાં બિલ્ડિંગમાં સ્થાપિત ફિક્સ ફાયર સિસ્ટમની જાણકારી આપી, આગ લાગે ત્યારે લેવાના સાવચેતીના પગલાં અંગે સ્વયંસેવકોને વિગતવાર સમજૂતી અપાઈ હતી.



### કપડવંજ લાયન્સ ક્લબ અને સેવાસંઘ દ્વારા વૃક્ષારોપણ તેમજ શૈક્ષણિક સહાયનો પ્રારંભ કરાયો



**કપડવંજ |** લાયનવાદી વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રારંભે લાયન્સ ક્લબ કપડવંજ, સેવાસંઘ અને માધવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પુસ્તકો અને નોટબુકોનું વિતરણ કરી વિદ્યા સહાય પ્રવૃત્તિઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમીર કાંટાવાળા, મુકેશ તલાટી અને શાંતિલાલ પ્રજાપતિ સહિતના અનેક અગ્રણીઓ અને લાયન સભ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

### મોગરીની આઈ.જે. પટેલ બીએડ કોલેજ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરી



**આણંદ |** મોગરીની શ્રી આઈ જે પટેલ બીએડ કોલેજમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે યોગ નિષ્ણાત પંકજભાઈ માવીએ કોલેજના તાલીમાર્થીઓ અને સ્ટાફને વિવિધ યોગાસનો કરાવી તેનું પ્રાયોગિક શિક્ષણ આપ્યું હતું. સંસ્થાના ડાયરેક્ટર નુસરત મેડમ અને આચાર્ય યજ્ઞેશભાઇ પુરોહિત દ્વારા જીવનમાં યોગનું મહત્વ અને તેની ઉપયોગીતા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી કેતન પટેલ, ડાયરેક્ટર મહેશ પટેલે તમામ સ્ટાફ અને તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### આણંદ કૃષિ યુનિ. દ્વારા શાકભાજી પાકોમાં સંકલિત રોગ-જીવાત વ્યવસ્થાપન અંગે તાલીમ યોજાઈ




**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી અને કેવીકે દાહોદ દ્વારા ટીએસપી યોજના હેઠળ શાકભાજીના પાકોમાં સંકલિત વ્યવસ્થાપન માટે એક દિવસીય તાલીમ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં બાવકા અને દાદુર ગામના ૨૫ ખેડૂતોને વિવિધ કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા જૈવિક કીટનાશકો અને પ્રાકૃતિક કૃષિના મહત્વ અંગે માર્ગદર્શન અપાયું હતું. ખેડૂતોને શાકભાજી પાકોની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને રોગ-જીવાતના અસરકારક નિયંત્રણ વિશે તલસ્પર્શી માહિતી પૂરી પાડવામાં આવી હતી. ખેડૂતોને જૈવિક કીટનાશકો, ભીંડાનું બિયારણ અને ખેતી વિષયક માર્ગદર્શિકા પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### મહીસાગરમાં ૧૦૮ અને ખિલખિલાટ વાનો દ્વારા સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

**લુણાવાડા |** મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીના વિઝનને સાકાર કરવા જિલ્લાની તમામ ૧૦૮ અને ખિલખિલાટ વાનોનું ઊંડાણપૂર્વક ક્લિનિંગ કરવામાં આવ્યું હતું. એમ્બ્યુલન્સના આંતરિક-બાહ્ય ભાગોની સફાઈ સાથે મેડિકલ એસેટ્સ અને જીવનરક્ષક દવાઓનું ઝીણવટભર્યું ઓડિટ કરી સજ્જતા ચકાસાઈ હતી. . કટોકટીના સમયે ૨૪x૭ તત્પર રહેવા માટે તમામ સંસાધનોની ભૌતિક પુન:ગણતરી કરી સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી હતી. દર્દીઓને સુરક્ષિત અને ચેપમુક્ત વાતાવરણ મળે તેવા ઉમદા હેતુથી ૧૦૮ ની ટીમોએ આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



### નપાણીયા લાડવેલ પ્રાથમિક શાળામાં 'શાળા પ્રવેશોત્સવ' ની ભવ્ય ઉજવણી કરાઇ



**લુણાવાડા |** નપાણીયા લાડવેલ પ્રાથમિક શાળામાં ૩૮ નવા બાળકોને શૈક્ષણિક કિટ આપી આવકારવા સાથે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાશ્રી લખુભાઈ દ્વારા કિટ વિતરણ અને શાળા પરિવહન યોજનાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ જતનના સંદેશ સાથે ૩૫૦ ફળાઉ રોપા અને સીડબોલનું વિતરણ કરી 'એક પેડ મા કે નામ' અભિયાનને વેગ અપાયો હતો. મુખ્ય અતિથિ RFO રોહિતભાઈ પટેલ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.